# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-05-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. ભારત અને પાકિસ્તાન તાત્કાલિક અસરથી ગોળીબાર અને સૈન્ય કાર્યવાહી રોકવા સંમત થયા
2. પ્રવર્તમાન પરિસ્થિતિમાં રાજ્ય સરકાર પાસે જીવન જરૂરી ચીજવસ્તુઓ, દવાઓ, ઇંધણ સહિતનો જથ્થો પૂરતી માત્રામાં ઉપલબ્ધ
3. GPSC દ્વારા આવતીકાલે યોજાનાર પરીક્ષા માટે સરકારી કર્મચારી મુખ્ય મથક છોડી પરીક્ષા આપવા જઈ શકશે
4. રાજ્યમાં આજથી એશિયાઈ સિંહ ગણતરી શરૂ થઈ-અગાઉ 674 સિંહ નોંધાયા હતા
5. રાજ્યમાં આગામી ૩ દિવસ કમોસમી વરસાદની આગાહી

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# Revision Indo-Pak ceasefire

ભારત અને પાકિસ્તાન તાત્કાલિક અસરથી ગોળીબાર અને લશ્કરી કાર્યવાહી બંધ કરવા સંમત થયા છે. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ નવી દિલ્હીમાં આ જાહેરાત કરી. તેમણે કહ્યું કે પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સે આજે બપોરે યુદ્ધવિરામની હાકલ કરી હતી, ત્યારબાદ ચર્ચા થઈ અને સર્વસંમતિ સધાઈ.

## (બાઇટ- વિક્રમ મિસરી)

તેમણે કહ્યું કે વાટાઘાટો દરમિયાન, બંને પક્ષો જમીન, હવા અને સમુદ્ર પર તમામ પ્રકારની ગોળીબાર અને લશ્કરી કાર્યવાહી બંધ કરવા સંમત થયા હતા. બંને પક્ષોને આ સંમતિનો અમલ કરવા સૂચના આપવામાં આવી છે. શ્રી મિસરીએ કહ્યું કે ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ 12 મેના રોજ ફરીથી વાતચીત કરશે.

..............................

# Press confarance sofiya

ભારત વિરુદ્ધ ઉશ્કેરણીજનક કાર્યવાહી બાદ પાકિસ્તાનને ભારે નુકસાન થયું છે કારણ કે નવી દિલ્હીએ તેના ઓપરેશન સિંદૂર દ્વારા

ઇસ્લામાબાદની આક્રમક અને રક્ષણાત્મક ક્ષમતાઓને તોડી પાડી છે. નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા, ભારતીય સેનાના કર્નલ સોફિયા કુરેશીએ જણાવ્યું હતું કે ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનની આક્રમક અને રક્ષણાત્મક ક્ષમતાઓને તોડી પાડી છે.

(બાઇટ સોફિયા – નુકસાન)

તેમણે કહ્યું કે ભારતના ઓપરેશનનો હેતુ ફક્ત આતંકવાદી કેમ્પ અને ભારત વિરોધી પ્રવૃત્તિઓ માટે ઉપયોગમાં લેવાતા સુવિધાઓ પર છે. કર્નલ કુરેશીએ ઉમેર્યું હતું કે ભારતીય સશસ્ત્ર દળો દ્વારા કોઈપણ ધાર્મિક સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા નથી.

(બાઇટ – સોફિયા –ધાર્મિક)

તેમણે કહ્યું કે પાકિસ્તાને દાવો કર્યો હતો કે તેણે તેના JF 17 વડે અમારા S400 અને બ્રહ્મોસ મિસાઇલ બેઝને નુકસાન પહોંચાડ્યું છે, જે સંપૂર્ણપણે ખોટું છે. તેમણે ઉમેર્યું હતું કે તે પણ ખોટી માહિતી છે કે સિરસા, જમ્મુ, પઠાણકોટ, ભટિંડા, નલિયા અને ભૂજમાં ભારતના એરફિલ્ડને નુકસાન થયું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત એક ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર છે અને તેની સેના બંધારણીય મૂલ્યોનું ખૂબ જ સુંદર પ્રતિબિંબ છે. બ્રિફિંગ દરમિયાન વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહે કહ્યું કે પાકિસ્તાને ખોટા આરોપો લગાવ્યા છે કે ભારતીય સેનાએ મસ્જિદોને નુકસાન પહોંચાડ્યું છે.

. . . . . . .

# JAISHANKAR - PAKISTAN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે ભારત અને પાકિસ્તાન આજે ગોળીબાર અને લશ્કરી કાર્યવાહી બંધ કરવા સંમત થયા છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં ડૉ. જયશંકરે કહ્યું કે ભારતે આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ સામે સતત મક્કમ અને અડગ વલણ અપનાવ્યું છે.

.....................................................................

# STATE COMMODITY

પ્રવર્તમાન પરિસ્થિતિમાં રાજ્ય સરકાર પાસે જીવન જરૂરી ચીજવસ્તુઓ, દવાઓ, ઇંધણ સહિતનો જથ્થો પૂરતી માત્રામાં ઉપલબ્ધ છે. રાજ્યના સરહદી જિલ્લાઓના કલેક્ટર, તેમના જિલ્લાઓમાં આવી કોઇ પણ ચીજ વસ્તુઓની જરૂરિયાત જણાય કે તુરત જ તેઓ રાજ્ય સરકારનો સંપર્ક કરીને તાત્કાલિક તે મેળવી શકશે તેમ જિલ્લાઓના વહિવટી તંત્ર સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે યોજેલી વીડિયો કોન્ફરન્સ સમીક્ષા બેઠકમાં જણાવવામાં આવ્યું હતું. સંબંધિત સરહદી જિલ્લાઓના પ્રભારી સચિવોને જિલ્લા તંત્રનું પ્રવર્તમાન સ્થિતિમાં માર્ગદર્શન કરવા માટે મોકલવામાં આવ્યાં છે તેમ પણ આ બેઠકમાં જણાવાયું હતું.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.................................

# CM MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. જેમાં સરહદી જિલ્લાઓના નાગરિકોની સુરક્ષા તથા મિલકતની સલામતીના જિલ્લાતંત્રના આયોજનોની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં સંબંધિત વિભાગોના સચિવો પાસેથી તેમના વિભાગોની હાથ ધરાયેલી કામગીરીની વિગતો પણ શ્રી પટેલે મેળવી હતી. અન્ન અને નાગરિક પુરવઠા અગ્રસચિવ આર.સી.મીનાએ ૩૮ જેટલી જરૂરી ચીજ વસ્તુઓના ભાવો નિયંત્રણમાં રહે તે માટે વિભાગ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવે છે તેની માહિતી આપી હતી.

આરોગ્ય અગ્રસચિવ ધનંજય દ્વિવેદીએ રાજ્યના આરોગ્ય વિભાગની સજ્જતાની વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે સરહદી જિલ્લાઓમાં અન્ય જિલ્લાઓના મેડીકલ સ્ટાફ, તબીબો પહોંચાડયા છે

એટલું જ નહિ, ભૂજ, જામનગર, પાટણ, બનાસકાંઠામાં વધારાની એમ્બ્યુલન્સ ફાળવી છે. લોહીની જરૂરીયાતના સમયે સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તેવા હેતુથી મેગા રક્તદાન દાન શિબિર પણ યોજવામાં આવી રહી છે. આ બેઠકમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને મુખ્ય સચિવ પંકજ જોષી, રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . .

# GPSC EXAM

ગુજરાત જાહેર સેવા આયોગ-GPSC દ્વારા આવતીકાલે યોજાનાર પરીક્ષા માટે સરકારી કર્મચારી મુખ્ય મથક છોડી પરીક્ષા આપવા જઈ શકશે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે મદદનીશ પર્યાવરણ ઈજનેર, વર્ગ ૨ અને ખેતી નિરીક્ષક, વર્ગ ૩ની પરીક્ષા માટે અનેક સરકારી કર્મચારીઓએ ઉમેદવારી કરી છે. ત્યારે સરકારી કર્મચારીઓ પૂર્વ મંજૂરીથી મુખ્ય મથક છોડી પરીક્ષાઓમાં હાજર રહી શકશે.

. . . . . . . . . . . .

# BLACKOUT

ભારત – પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ વિરામ અગાઉ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દ્વારકા, બેટ દ્વારકા, સલાયા, ઓખા, વાડીનાર અને દરિયાઇ વિસ્તાર સહિતના ગામોમાં એલર્ટ જાહેર કરાયું હતું. જે અંતર્ગત જિલ્લામાં

રાત્રે સંપૂર્ણ બ્લેકઆઉટ રહેશે. તંત્ર દ્વારા લોકોને અફવાથી દૂર રહવા અને ઇમરજન્સીમાં કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા જણાવાયું છે.

પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના 71 ગામોમાં પણ આજે બ્લેકઆઉટ જાહેર કરાયું છે.

કચ્છ જિલ્લામાં પણ આજે સાંજે 7 વાગ્યાથી આવતીકાલે સવારે 6 વાગ્યા સુધી બ્લેકઆઉટ જાહેર કરવામાં આવ્યું છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને "સ્વયંભૂ સંપૂર્ણ બ્લેકઆઉટ"નો અમલ કરવા અને બિન જરૂરી ઘરની બહાર નીકળવા અપીલ કરવામાં આવી છે.

. . . . . . . . . . . .

# LION CENSUS

સાસણગીર ખાતે વનમંત્રી મુળુભાઈ બેરા દ્વારા આજથી ગીર સહિત સૌરાષ્ટ્રના 11 જિલ્લાઓમાં સિંહ વસ્તી ગણતરીનો પ્રારંભ કરવામાં આવ્યો.

(BYTE – MULUBHAI BERA)

ઉલ્લેખનીય છે કે, વર્ષ 2020માં રાજ્યના 58 તાલુકાના લગભગ 35 હજાર ચોરસ મીટર વિસ્તારમાં સિંહ ની સંખ્યા 674 નોંધાઈ હતી જેમાં નોંધપાત્ર વધારો થયો હોવાનું અનુમાન છે.

. . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આગામી 3 દિવસ કમોસમી વરસાદની આગાહી કરી છે. 50થી 60 કિલોમીટરની ઝડપે પવન સાથે હળવા વરસાદની શક્યતા છે. આ સાથે જ મહત્તમ તાપમાનમાં 3 થી 5 ડિગ્રીનો વધારો થવાની પણ શક્યતા છે.

આવતીકાલે 11 મેના રોજ બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, દાદરા નગર હવેલીના વિસ્તારોમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સિવાય સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લાઓમાં પણ વરસાદી માહોલ જોવા મળશે.

આજે સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ થયો છે અને દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં પણ ધોધમાર વરસાદ થયો છે.

. . . . . . . . . . . .

# DIU - CONTROL ROOM

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં માસ્ટર કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે. માસ્ટર કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા માટે 02875-255023 અને 02875-99424 એમ બે ટેલિફોન નંબર જાહેર કરાયા છે.

અધિક જિલ્લા કલેક્ટર વિવેક કુમાર દ્વારા તમામ કચેરી અને વિવિધ વિભાગોના અધિકારી - કર્મચારીઓને ફરજના દિવસોમાં કોઈ રજા ના લેવા અને માસ્ટર કંટ્રોલ રૂમમાં ફરજ પર હાજર અધિકારીઓએ ચાર્જ સોંપ્યા વિના કંટ્રોલ રૂમ ન છોડવા માટે આદેશ આપવામાં આવ્યો છે.

. . . . . . . . . . . .

# MEDICAL OFFICERS

આકસ્મિક સંજોગોમાં પણ તબીબી સેવાઓ યથાવત સરહદી વિસ્તારો માટે 154 તબીબોને જવાબદારી સોંપાઈ છે. સત્તાવાર યાદી મુજબ અલગ અલગ જિલ્લાઓમાં ફરજ બજાવતા તબીબોને સરહદી વિસ્તારમાં ફરજ બજાવવા આદેશ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત આ તબીબી અધિકારીઓએ અન્ય હુકમ ના થાય ત્યાં સુધી જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, બનાસકાંઠા, પાટણ અને કચ્છમાં ફરજ બજાવશે.

. . . . . . . . . . . .